1. ભારતમાં આવેલા રેલમાર્ગોના પ્રકારો જણાવો.

➢ ભારતમાં આવેલ રેલમાર્ગોના પ્રકારો : (1) બ્રોડગેજ, (2) મીટરગેજ અને (3) નેરોગેજ.

2. પરિવહનનું સસ્તું માધ્યમ કર્યું છે? શા માટે?

➢ જળમાર્ગો પરિવહનનું સૌથી સસ્તું માધ્યમ છે, કારણ કે તેમાં સડક કે રેલમાર્ગો વગેરે જેવી મરામતની જરૂર પડતી નથી.

3. પરાનાપારાગ્યે જળમાર્ગ વિશે નોંધ લખો.

➢ પરાનાપારાગ્યે દક્ષિણ અમેરિકાની મહત્ત્વપૂર્ણ આંતરિક જળમાર્ગ પ્રણાલી છે, પરાનાપારાગ્યે નદીપ્રણાલીનું જળ પ્લાટાના ભરતીમુખ થઈને ઍટલૅન્ટિક મહાસાગરમાં મળે છે.

4. પરિવહનની વ્યાખ્યા આપો

➢ માનવી અને ચીજવસ્તુઓની એક સ્થળેથી બીજા સ્થળે થતી હેરફેરને પરિવહન કહે છે.

5. જમીનમાર્ગના બે પેટાવિભાગો જણાવો.

➢ જમીનમાર્ગના બે પેટાવિભાગો છે : (1) સડક માર્ગ અને(2) રેલમાર્ગ,

6. ગુજરાતમાંથી કયા નંબરનો રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થાય છે?

➢ ગુજરાતમાંથી રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર 8 પસાર થાય છે.

7. વિશ્વમાં સૌપ્રથમ રેલમાર્ગની શરૂઆત ક્યાં બે શહેરો વચ્ચે થઈ હતી?

➢ વિશ્વમાં સૌપ્રથમ રેલમાર્ગની શરૂઆત (1825) ઇંગ્લેન્ડના સ્ટૉક્ટન અને પ્રલિંગ્ટન શહેરો વચ્ચે થઈ હતી.

8. ભારતનો આંતરિક જળમાર્ગ 1 કઈ નદી પર આવેલો છે?

➢ ભારતનો રેખાંતરિક જળમાર્ગ 1 ગંગા નદી પર આવેલો છે.

9. પરિવહનનાં માધ્યમો જણાવો.

➢ જમીન, જળ, હવાઈ, પાઇપલાઇન અને રજુ માર્ગ પરિવહનનાં માધ્યમો છે.

10. જળમાર્ગના પ્રકાર જણાવો.

➢ જળમાર્ગના બે પ્રકાર છે : (1) આંતરિક જળમાર્ગ અને (2) દરિયાઈ જળમાર્ગ.

11. પરિવહનનો કયો માર્ગ સૌથી મોંઘો છે ?

➢ પરિવહનનો હવાઈ માર્ગ સૌથી મોંઘો છે.

12. પર્વતીય પ્રદેશોમાં કયો માર્ગ સૌથી વધુ ઉપયોગી છે?

➢ પર્વતીય પ્રદેશોમાં રોપવે (રજ્જુમાગ) સૌથી વધુ ઉપયોગી છે.

13. પરિવહનનો કયો માર્ગ પૂરક સહાયક માર્ગ ગણાય છે?

➢ સડક માર્ગ પરિવહનનો પુરક સહાયક માર્ગ ગણાય છે.

14. ટ્રાન્સ કનેડિયન ધોરી માર્ગ કયાં બે શહેરોને જોડે છે?

➢ ટ્રાન્સ કનેડિયન ધોરી માર્ગ વૈજવર અને સેંટ જન નામનાં બે શહેરોને જોડે છે.

15. કેનેડાના ઍડમીટન શહેર અને અલાસ્કાના એક્રરેજ શહેરને કયો ધોરી માર્ગ જોડે છે?

➢ અલાસ્કા ધોરી માર્ગ ઍડમૉટન શહેરને અલાસ્કાના એક્રરેજ શહેર સાથે જોડે છે.

16. યુરોપના કયા દેશોમાં સડક માર્ગનો વિકાસ વધુ થયો છે?

➢ યુરોપના ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની વગેરે દેશોમાં સડક માર્ગનો વિકાસ વધુ થયો છે.

17. ટુઅર્ટ ધોરી માર્ગ કયાં શહેરોને જોડે છે?

➢ ટુઅર્ટ ધોરી માર્ગ ઉત્તર ઑસ્ટ્રેલિયામાં આવેલા ડાર્વિન શહેરને વિક્ટોરિયા રાજ્યના મેલબોર્ન સાથે જોડે છે.

18. ભારતના કયા રાજાઓ માર્ગોના નિર્માતા તરીકે જાણીતા હતા?

➢ ભારતના સમ્રાટ અશોક અને ચંદ્રગુપ્ત મૌર્ય માર્ગોના નિર્માતા તરીકે જાણીતા હતા.

19. વિશ્વમાં સૌથી મોટી સડક પ્રણાલી કયા દેશમાં છે?

➢ વિશ્વમાં સૌથી મોટી સડક પ્રણાલી યુ.એસ.એ.માં છે.

20. રેલમાર્ગોની સૌથી વધુ ગીચતા કયા ખંડમાં છે?

➢ રેલમાર્ગોની સૌથી વધુ ગીચતા યુરોપ ખંડમાં છે.

21. વિશ્વમાં જાણીતો રેલમાર્ગ કયો છે ? તે કેટલા દેશોને જોડે છે?

➢ ફ્રાન્સના પેરિસથી તુર્કીના ઇસ્તંબૂલ સુધી સાત દેશોને ને જોડતો ઓરિએન્ટલ ઍક્સપ્રેસ રેલમાર્ગ વિશ્વમાં જાણીતો છે..

22. એશિયા અને યુરોપને જોડતો આંતરખંડીય રેલમાર્ગ કયો છે? (July 18)

- ટ્રાન્સ સાઇબીરિયન રેલમાર્ગ એશિયા અને યુરોપને જોડતો આંતરખંડીય રેલમાર્ગ છે. આ રેલમાર્ગ પશ્ચિમમાં આવેલા સેંટ પિટ્સબર્ગને પૂર્વમાં આવેલા હાડિવૉસ્ટોક સાથે જોડે છે.

23. કયાં શહેરોમાં ભૂગર્ભ (મેટો) રેલમાર્ગ આવેલા છે ?

- લંડન, પેરિસ, બ્રસેલ્સ, મિલાન, બર્લિન, વૉસ, ગ્લાગતો, મૉસ્કો વગેરે શહેરોમાં ભૂગર્ભ (મેટ્રો) રેલમાર્ગ આવેલા છે.

24. ભારતમાં સૌપ્રથમ રેલવેની શરૂઆત ક્યારે અને ક્યાં થઈ હતી?

- ભારતમાં સૌપ્રથમ રેલવેની શરૂઆત 16 એપ્રિલ, 1853માં મુંબઈ અને થાણે વચ્ચે થઈ હતી.

25. વિશ્વનો સૌથી મોટો (લાંબો) આંતરિક જળમાર્ગ કયો છે?

- ગ્રેટ લેક્સ અને સેંટ લોરેન્સ જળમાર્ગ વિશ્વનો સૌથી મોટો આંતરિક જળમાર્ગ છે.

26. રાષ્ટ્રીય જળમાર્ગ1 કયો છે? તેની લંબાઈ કેટલી છે?

- ગંગા નદીમાં હલ્દિયાથી અલાહાબાદ સુધીનો જળમાર્ગ રાષ્ટ્રીય જળમાર્ગ 1 છે. તેની લંબાઈ 1620 કિમી છે.

27. સુએઝ નહેર બનાવનાર ઈજનેર કોણ હતા?

- સુએઝ નહેર બનાવનાર ઈજનેર ફર્નિનાન્ડ દે લૅસેસ હતા.

28. આંતરિક જળમાર્ગ એટલે શું?

- જે જળમાર્ગ દેશના અંદરનાં સ્થળોને જોડે છે, તેને આંતરિક જળમાર્ગ કહે છે.

29. સુએઝ નહેર કયાં બે બંદરોને જોડે છે?

- સુએઝ નહેર પૉર્ટ સઈદ અને સુએઝ બંદરને જોડે છે.

30. પનામા નહેર કયા બે મહાસાગરોને જોડે છે?

- પનામા નહેર ઍટલૅન્ટિક મહાસાગર અને પૅસિફિક મહાસાગરને જોડે છે.

31. પનામા નહેરની વિશિષ્ટ પ્રણાલી કઈ છે?

- પનામા નહેરની જળપાશ પ્રણાલી (Lock Systern) વિશિષ્ટ પ્રણાલી છે.

32. વિશ્વનાં વ્યસ્ત હવાઈ મથકોનાં નામ આપો.

- લંડન, પેરિસ, રોમ, મોસ્કો, કરાંચી, દિલ્લી, મુંબઈ, બેંગકોક, ટોકિયો, સિંગાપુર, શિકાગો, ન્યૂ યોર્ક, દુબઈ વગેરે વિશ્વનાં વ્યસ્ત હવાઈ મથકો છે.

33. સુવર્ણ ચતુર્ભુજ યોજના શું છે?

- ભારતનાં ચાર મહાનગરો દિલ્લી, મુંબઈ, કોલકાતા અને ચેન્નઈને જોડવા માટે જે ધોરી માર્ગ બનાવવામાં આવી રહ્યા છે. તેને સુવર્ણ ચતુર્ભુજ યોજના કહે છે.

34. ભારતનો રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર 7 કયાં બે શહેરોને જોડે છે?

- ભારતનો રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર 7 વારાણસીને કન્યાકુમારી સાથે જોડે છે.

35. પાઈપલાઈનનો ઉપયોગ જણાવો.

- પાઈપલાઈનનો વધુ ઉપયોગ ખનીજ તેલ તથા પ્રાકૃતિક ગેસ જેવા તરલ અને વાયુ પદાર્થોની હેરફેર માટે કરવામાં આવે છે.

36. ભારતીય રેલ વિભાગ પ્રવાસીઓ માટે કયા પ્રકારની રેલગાડી ચલાવે છે?

- ભારતીય રેલ વિભાગ પ્રવાસીઓ માટે સામાન્ય પ્રવાસ ગાડીઓ, ઍક્સપ્રેસ । મેઇલ ટ્રેન, સુપર ફાસ્ટ ટ્રેન, રાજધાની ઍક્સપ્રેસ, શતાબ્દી અને જનશતાબ્દી ટ્રેન, ગરીબરથ વગેરે જુદા જુદા પ્રકારની રેલગાડી ચલાવે છે.

37. રાષ્ટ્રીય જળમાર્ગ નંબર II ની માહિતી આપો.

- રાષ્ટ્રીય જળમાર્ગ નંબર II બ્રહ્મપુત્ર નદી ઉપર ધુબુરીથી નાદિયા સુધીનો છે. તેની લંબાઈ 891 કિમી છે.

38. રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર1 કયાં શહેરોને જોડે છે?

- રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર 1 દિલ્લીને અમૃતસર સાથે જોડે છે.

39. ભારતમાં હવાઈ માર્ગોના વિકાસની જવાબદારી કઈ સંસ્થા સંભાળે છે?

- ભારતમાં હવાઈ માર્ગોના વિકાસની જવાબદારી ઇન્ડિયન ઍરપોર્ટ ઑથોરિટી સંભાળે છે.

40. ગુજરાતમાં ક્યાં સ્થળોએ રોપવે કાર્યરત છે?

- ગુજરાતમાં પાવાગઢ, અંબાજી અને સાપુતારામાં રોપવે કાર્યરત છે.

41. ભારતમાં આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો કેટલા છે?

- ભારતમાં 15 આંતરરાષ્ટ્રીય હવાઈ મથકો છે.

42. ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરી માર્ગ કયો છે? તે કયાં શહેરોને જોડે છે ? (March 18)

- રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર 7 ભારતનો સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરી માર્ગ છે. તે વારાણસી અને કન્યાકુમારીને જોડે છે.